દરિદ્ર હિન્દ.

બે હજાર વર્ષ પહેલાં અથવા તેનીએ આગળના સમયમાં હિંદના ઉદ્યોગ-ધંધાઓ ઘણીજ ઉન્નત દશામાં હતા. કાચા માલની ૧૦૦ ગણી કીમત ઉપજે એવો માલ દેવાગ મેં બદલામાં લઇ હિંદુસ્થાન રોમની સંપત્તિને દર વર્ષે ઘણાં ભયંકર પ્રમાણમાં ખેંચી લઇ જાય છે. આવી તકરાર પ્લીનીએ કરેલી છે.

ચંદ્રગુપ્તની કારકિર્દીમાં તેના રાજ્યમાં સ્વતંત્ર વ્યાપારી ખાતું હતું, તથા ગ્રીસ, રોમ, ચીન વગેરે દેશોથી આવનારા પ્રવાસી હીંદી લોકોનું કળા-કૌશલ્ય જોઇ છક થઇ જતા હતા. રત્ન, ઉંચું સુવર્ણ તથા નાજુક કામ કરેલી મલમલ એનો ચીન, ઇરાન, ઇજીપ્ત

તથા રોમ વગેરે દેશોમાં પુષ્કળ ખપ હતો. સુગંધી સામાન, મદ્ય. લોખંડ, ગળી, લાખ, ઔષધિ, મીણ, સાકર તથા મસાલાના પદાર્થો એ વગેરે સામાન્ય વ્યાપારના કેટલાક પદાર્થ હતા. ઇ. સ. ના છઠ્ઠા સૈકા પહેલાં પાકા રંગ, ગળીમાંથી ઇંડિગોટિન તૈયાર કરવું તથા લોખંડને ભિન્ન ભિન્ન રીતે પાણી ચઢાવવું એ શોધ હિંદી લોકોને હાથ લાગી હતી. મુસલમાની અમલથી હિંદના ઉદ્યોગ ધંધાને કશો ધોકો લાગ્યો નથી. ઉલટું મુસલમાની રાજાઓએ હિંદી ઉદ્યોગ ધંધાને ઉત્તેજન આપ્યું હતું. તુર્કસ્થાનમાંના ગાલીચા વણવાનાં તથા ઇસ્પહાનમાંના ઝલકદાર વાસણો બનાવવાનાં વગેરે કેટલાક નવીન ધંધાઓ અત્રે પ્રચાર પામ્યા.

અકબરની કારકિર્દીમાં સામાન્ય મજુર એક મહિનામાં કેવળ ૭ આનાથી પોતાનું

ગુજરાન કરી શકતો હતો. તેની તપસીલઃ-

	શેર	રૂ.	આ.	પા.
બાજરીનો લોટ	૨૫	૦	૩	૦
દાળ	૫	૦	૦	૭॥
ઘી	૧	૦	૧	૦
મીઠું		૦	૦	૨॥
પરચુરણ		૦	૧	૨
		૦	૬	૦

મજુરોની મજુરીનું એક દિવસનું સામાન્ય પ્રમાણ નીચે પ્રમાણે હતું.

	આ.	પા.	આ.	પા.
સુતાર	૨	૯ ૩/૫થી	૦	૯ ૩/૫
ભાર વહેનાર.	૧	૪ ૪/૫થી	૧	૨ ૨/૫
બરોડીઆ.	૦	૯ ૩/૫		
ગૃહસેવક.	૧	૨ ૨/૫		
પરચુરણ.	૧	૨ ૨/૫થી	૦	૯ ૩/૫

કારીગર લોકોની ઉન્નત દશાનું મુખ્ય

કારણ યુરોપ સાથે વધતો જતો વ્યાપાર તથા મુસલમાન રાજાઓ તરફથી મળતું ઉત્તેજન હતું. ૧૫મા સૈકામાં કેપ આવ ગુડ હોપ ઓળંગી હિંદુસ્થાનમાં આવવાનો રસ્તો **વાસ્કો-ડા-ગામાએ** શોધી કાઢ્યા પછી યુરોપ સાથે હિંદુસ્થાનનો વ્યાપાર ઘણા જોર પર આવ્યો.

ઇ. સ. ૧૪૨૦ને સુમારે હિંદુસ્થાનમાં આવેલો પ્રવાસી **નિકોલી-ડી-કૉંટી** એ ગંગા કાંઠે આવેલાં મોટાં મોટાં શહેરો તથા ઉદ્યાનોથી તથા સોનું, રૂપું તથા મોતી વગેરેથી ફુલી રહેલા **મારેઝિયા** (?) શહેરનું વર્ણન કરે છે. ૧૬મા સૈકાના આરંભમાં હિંદુસ્તાનમાં આવેલો **બેબર** આ દેશને તવંગર તથા સોના રૂપાંથી સમૃદ્ધ બનેલો લખે છે, તથા અહીંના પ્રત્યેક ધંધામાં વળગેલા અસંખ્ય કારીગર તથા ગીચ વસ્તી જોઇ ચકિત થાય છે. ૧૬૧૨ને સુમારે આ દેશમાં પ્રવાસે આવેલો **સેબૅસ્ટિઅન**

મારિસ બંગાલમાંથી પશ્ચિમ તરફ જતાં ઉત્કૃષ્ટ સુતરાઉ કાપડનું વર્ણન કરે છે, તથા 'તે વખતની બંગાળની રાજધાની ઢાકા એમાં પ્રત્યેક દેશના લોકો આવી રહેલા નજરે પડે છે, અને એની વસ્તી બે લાખ જેટલી છે' એમ જણાવે છે. લાહોરથી મુલતાન પર્યંતના પ્રવાસમાં તેને સર્વ પ્રદેશ ઘઉં, ચોખા, ભાજીપાલો, કપાસ વગેરે લીલોતરીથી ભરપૂર જણાયો હતો. સર્વત્ર અતિશય પ્રમાણમાં ખેતી પ્રસરેલી હતી, અને તેમાં સર્વોત્કૃષ્ટ પાક ઉત્પન્ન થતો હતો. એક મહિનો ભર વસવાટ કરેલું એવું ઠઠ્ઠા (સિંધ) શહેર અમર્યાદ તવંગર છે. વગેરે વર્ણન તેણે પોતાના પ્રવાસ વર્ણનમાં લખ્યાં છે. ૧૬૩૮ને સુમારે અહીં આવેલા જર્મન પ્રવાસી મેંડસ્લોને ભડોચ (ભરૂચ) શહેર ઘણી ગીચ વસ્તી તથા સુતરાઉ કાપડ બનાવનારા અસંખ્ય વણકરોથી ભરેલું જણાયું હતું.

ત્યાંથી અમદાવાદ જતાં તેણે વણકરો તથા રંગારા લોકોથી ભરેલું બોડેરા (બરોડા) એ બીજું શહેર જોયું હતું. અમદાવાદનો વૈભવ તથા સૌંદર્ય જોઇને તો તે છક્ક થઇ ગયો હતો. રેશમી તથા સુતરાઉ માલ તૈયાર કરવો એ આ શહેરનો મુખ્ય ધંધો હતો. ખંભાયત એ સુરત કરતાં મોટું વ્યાપારી શહેર હતું. આગ્રા એ તો ઈસ્પહાનથી બમણું મોટું તથા સમૃદ્ધ શહેર હતું. એક મનુષ્ય ઘોડાની મદદથી પણ એક દિવસમાં તે શહેરની પ્રદક્ષિણા કરી શકે એમ નથી. રસ્તા મોટા અને સુંદર હતા. કેટલાક પર પા પા મૈલ લાંબી દુકાનોની ગેલેરી એક સરખી રીતે આવેલી હોઇ તે પર વેચવાનો માલ ગોઠવવામાં આવતો હતો. આવી માહિતી તેણે આપી છે.

૧૭મા સૈકાનાં મધ્ય ભાગમાં બેરિનર

નામનો પ્રવાસી હીંદુસ્થાનમાં આવી કેટલાંક વર્ષ રહ્યો હતો. તે લખે છે કે " હીંદુસ્થાન એ એક એવો અગાધ ઊંડો ખાડો હોઇ જગતમાંના સર્વ સુવર્ણ તથા રૂપાના પ્રવાહ તે તરફ દોડી તેમાં ગરક થઈ જાય છે. યુરોપમાંથી તેમાં એટલો બધો પ્રચંડ દ્રવ્યનિધિ જાય છે કે તેમાંથી જરા પણ ત્યાંથી પરત થતું નથી." " સોનાનો ઘણો ભાગ કેવળ કાન, નાક, હાથ તથા પગના દાગીના કરવામાં ખર્ચ થાય છે, એટલુંજ નહિ પણ ઉમરાવથી તે તદન હલકા દરજ્જાના સિપાઇના કપડાં પર પણ જરી કામ કરવામાં તેનો પુષ્કળ વ્યય થાય છે. "

૧૮મા સૈકાની આખર સુધી યુરોપનો સુધારો હિંદી સુધારા કરતાં આધ્યાત્મિક, કારીગરી, વ્યાપાર, રાહદારીની સગવડ વગેરે કોઇ પણ બાબતમાં શ્રેષ્ઠ દરજ્જાનો ન

હતો. " ખેતીની ઉત્તમ પદ્ધતિ, અતૂલનીય કૌશલ્ય—કારીગરી, પોતાની સવડ અને વિહારને માટે આવસ્યક વસ્તુઓ પોતાની મેળેજ તૈયાર કરી લેવાનું સામર્થ્ય, લેખન–વાચન તથા ગણિત શીખવવાને માટે ગામેગામ નિશાળ, સામાન્ય વર્તનમાં એક બીજા પ્રત્યે આદરાતિથ્ય–બુદ્ધિ તથા ઉદારતા અને સર્વમાં મુખ્ય કહીએ તો સ્ત્રી વર્ગ પ્રતિ વિશ્વાસ, આદર તથા સૌજન્ય ભર્યું વર્તન, એ જો સુધરેલા સંસારનું લક્ષણ હોય તો હિંદ યુરોપીઅન રાષ્ટ્રોથી કોઇ પણ રીતે પાછળ નથી. ઈંગ્લંડ અને હિંદુસ્થાન એમણે પોતપોતાના સુધારા નોજ વેપાર કરવો નક્કી કર્યું હોય તો આયાતથી ઇંગ્લંડને ફાયદોજ થશે એવી મારી ખાત્રી છે" એમ સર થોમસ મનરોએ લખ્યું છે.

ઇંગ્લંડમાં સુદ્ધાં આ વખતે તેના

અત્યારના વ્યાપારી સર્વોપરિપણાનાં કશાં લક્ષણ જણાતાં ન હતાં. આવજાના સાધનો—સડકો હિંદુસ્થાન કરતાં વધારે સારી ન હતી. હિંદુસ્થાનમાં જે પ્રમાણે શિયાળાના તેજ પ્રમાણે ઇંગ્લંડમાં ચોમાસાંનાં પાકની સરખામણી કરવી પણ બહુધા અશક્ય હતી. લંડનમાં જોઇતી અન્ન સામગ્રી ઘણે ભાગે ઘોડાપર ગુણો મારફતે લઇ જવામાં આવતી હતી. ખેતીવાડીમાં જમીન પરનાં પાણીના વહેણની વ્યવસ્થા સમાધાનકારક ન હોવાથી હિંદુસ્થાન પ્રમાણે ત્યાં પણ તાવ વગેરેના રોગોથી ભયંકર અનર્થ થતા હતા. હિંદુસ્થાન કરતાં ઇંગ્લંડના શહેરો વધારે સ્વચ્છ ન હતાં. ઇંગ્લંડને છીટ લાંબા કાળ સુધી હિંદુસ્થાનથી લાવવી પડતી હતી. રંગ કામનો ધંધો હિંદુસ્થાનમાં અત્યંત જોર પર હતો, ત્યારે ઇંગ્લંડને કાપડ સફાઇદાર કરવાને માટે તથા રંગાવવાને માટે હોલંડમાં મોકલવાની જરૂર પડતી હતી.

વાંચો અને મિત્રોને વંચાવો.

અમારા તરફથી મફત અપાતાં

પુસ્તકો.

૧ અહિંસા પ્રથમો ધર્મ.

૨ સરસ્વતી.

૩ દરિદ્ર હિંદ.

હવે પછી "લડાઇ અને હિંદી ઉદ્યોગ" એ પુસ્તક પ્રકટ થશે.

૧૭૬૫માં ફ્રેંચ રેશમની આયાત બંધ કરી ઇંગ્લંડમાંના રેશમના વ્યાપારનું સંરક્ષણ કરાયું. રેશમી વસ્ત્ર માટે એ વખતે ઇંગ્લંડને જર્મની તથા બેલ્જીયમ ઉપર અવલંબવું પડતું હતું, ત્યારે હિંદુસ્થાનમાં ૧૫વાર લાંબું કાપડનું કેવળ ૬-૬ાા તોલા વજન થાય એવી મલમલ તૈયાર કરવામાં આવતી હતી. ઇગ્લંડને પોતાને જોઇતું મીઠું, રૂ લોખંડી સામાન તથા વાસણો પરદેશથી આણવા પડતાં હતાં.

યુરોપિયન કંપનીઓના વ્યવહારને લીધે હિંદુસ્થાનનો સમુદ્ર કાંઠાનો વ્યાપાર ઘણા જોર પર આવ્યો. ઇસ્ટ ઇંડીયા કંપનીને લીધે થોડા વર્ષમાં રેશમના વ્યાપારની બંગાળામાં પ્રગતિ થઇ. આ ૧૮મા સૈકાની આખરે ઢાકાનો વણાટ કામનો ધંધો જોરપર આવ્યો હતો. **૧૭૮૭ની સાલમાં ૫૦ લાખ રૂપી-આનું કાપડ બહાર દેશાવર રવાના**

ક્યાંનો દાખલો ત્યાંના કસ્ટમ હાઉસમાં નોંધવામાં આવેલો છે.

પરદેશમાંથી આવતી મખમલ તથા સાટીનના કાપડે આ પ્રકારે દેશી કાપડના ધંધાને હજી સુધી મચક આપી નહતી. ગળી, મસાલાના પદાર્થ, સાકર, એ સિવાય કપાસ તથા રેશમ એની પણ નિકાશ થતી હતી. આ ધંધામાં ઘણાં લોકો ગુંથાએલા હોવા જોઇએ. ૧૮૦૮–૯ વર્ષ પહેલાંના ૧૬ વર્ષની સરાસરી કાઢતાં ઇસ્ટ ઇંડીયા કંપની દર વર્ષે ઇંગ્લંડમાં નીચે બતાવ્યા પ્રમાણે માલનું વેચાણ કરતી હતી.

કાપડ વગેરે	પૌંડ	૧૫,૩૯,૪૭૮
રેશમી માલ		૧૩,૪૪૩
મરી		૧,૯૫,૪૬૧
સુરોખાર		૧,૮૦,૦૬૬
મસાલાના પદાર્થ		૧,૧૨,૫૯૬
સાકર તથા ગળી		૨,૭૨,૪૪૨
કાફી		૬,૬૨૪

મલમલ તથા છીટ એની નીપજ હિંદુસ્થાનના સર્વ ભાગમાં વિશેષે કરીને બંગાળ તથા કારોમાંડળ કિનારાના ભાગમાં પુષ્કળ થતી હતી. ઉત્તર સરકાર તથા મછલી પટ્ટણની આસપાસનો મુલક એ અનેક પ્રકારની છીટનો તથા રંગિત કાપડની નીપજનો અને ઢાકા એ મલમલના કાપડનું મુખ્ય સ્થળ હતું ! આ ધંધા ઘણે ભાગે હિંદુ કારીગરોના હાથમાંજ હતા.

પરંતુ આ સૈકાના ઉત્તરાર્ધમાં યુરોપની ઔદ્યોગિક પ્રવૃત્તિ ઘણીજ ઉતાવળથી આગળ વધી. તેની હિંદુસ્થાનની જરાએ ખબર પડી નહિ. ૧૭૬૫ માં જેમ્સવૉટે એંજીનમાં સુધારો કર્યો, ૧૭૮૭ માં કાર્ટ રાઇટે વરાળ શકિતથી ચાલતું યંત્ર તૈયાર કર્યું. તેને લીધે ઇંગ્લંડનો સુતરાઉ કાપડ વણવાનો ધંધો એકદમ આગળ વધ્યો. ૧૮ મા

સૈકાના મધ્ય ભાગે ઇંગ્લંડની ૪૫ હજાર પૌંડની સુતરાઉ કાપડની નિકાસથી વધી ૧૮૩૩માં ૪૬૦ લાખ પૌંડ પર આવી. ૧૮૩૦ માં લિવર્પુલથી માન્ચેસ્ટર સુધી પહેલી રેલ્વે બંધાઇ, અને સાત વર્ષે પહેલ વહેલાં તારનાં દોરડાં નંખાયા. તથા એજ અરસામાં આટ-લાંટિક મહાસાગરમાં પહેલવહેલી બાષ્પનૌકા ચાલવા લાગી.

હીંદુસ્થાનને આ જોરપર આવેલા સુધારાની દાદ પણ ન હતી. યુરોપની સારી નબળી પરંતુ અત્યંત પુર જોસમાં આવવાના કારણભૂત શોધક બુદ્ધિનો અહીં પૂર્ણ અભાવ હતો. હજારો વર્ષની શાંત તથા મંદ ઉત્ક્રાંતિથી હિંદુ સમાજમાં એક પ્રકારની જડતા ઉત્પન્ન થઇ હતી. તેને લીધે તેમાં એકદમ ફેર બદલ થઇ ચૈતન્ય ઉત્પન્ન થવું અશક્ય બન્યું. જ્ઞાતિ બંધનથી સર્વ કારીગરીના ધંધા હલકા

દરજ્જાના લોકોનેજ કાયમને માટે સુપરત કર્યાં હતા, ઉચ્ચ દરજ્જાના લોક તેમને કનિષ્ઠ ગણુવા લાગ્યા. મનુએ તો સોની, સુથાર, શસ્ત્રવૈદ્ય, લુહાર, ગાયક, છીપા એમને ચોર જાર વગેરેની જોડમાં મુક્યા છે. આવી રીતે અધોગતિને પહોંચેલા લોકો પાસેથી ઉન્નત થતા યુરોપ સાથે હરિફાઇ કરી વિજય મેળવવો એટલી પ્રગતિ થવી શક્ય ન હતી. તેમજ વળી આ એકાએક ઉદ્ભવેલી ઔદ્યોગિક ઉત્ક્રાંતિએ આપણા મંદ સમાજને પોતાની સાથે હરિફાઇ કરવાને અવસરજ આપ્યો નહિ. અંગ્રેજી માલના પ્રચંડ પ્રવાહે હિંદી ઉદ્યોગ ધંધાને પાછળ પાડયા. હિંદી હસ્ત કૌશલ્ય નામશેષ થયું. યાંત્રિક માલ આગળ હસ્તનિર્મિત માલ ટકી શકયો નહિ, અશિક્ષિત તથા તદ્દન કનિષ્ઠ લોકો પાસે આ શોધનો તથા કૌશલ્યનો પોતાના ધંધામાં ઉપયોગ કરવો તદ્દન અશક્ય હતું. મોટા મોટા

વ્યાપારી શહેરોના નાના હલકા ગામો બન્યાં.

આ પ્રમાણે આ નૂતન સંસ્કારિત પાશ્ચાત્ય જગતના સંસર્ગનું હિંદુસ્થાનપર પરિણામ એવું થયું કે હીંદી કારીગર ઉદ્યોગહીન તથા ભીખારી થયા. આ પૈકી ઘણા થોડાને એટલે સુમારે ૨૦ લાખ માણસનેજ આગળ નવીન પદ્ધતિ પર નીકળેલાં કારખાનામાં કામ મળ્યું, પરંતુ આ કામમાં તેમને નૈતિક દૃષ્ટિએ અપકારજ થયલો હોય આર્થિક નજરે જરા પણ ફાયદો થયો નહિ.

આ નિરૂપયોગી લોકો પૈકીમાંના ઘણા ખેતીના ધંધામાં ગુંથાયા. અત્યારે હિંદુસ્થાનમાં ખેતી ઉપર ગુજારો કરનાર સેંકડે લગભગ ૮૦ ટકા માણસો છે. વસ્તીના પ્રમાણમાં એ ખેતીની જમીન અપૂર્ણ હોઇ વસ્તીના વધારાને લીધે તેના પર પોષણનો ભાર વધારે ને વધારે પડે છે. બીજા સુધરેલા દેશો સાથે સરખાવતાં આપણા

દેશની જમીનના પાકનું પ્રમાણ કેટલું બધું ઓછું છે, એની કલ્પના કરવી પણ ભયપ્રદ છે. યુરોપ અમેરિકા પ્રમાણે જમીનની નીપજનું પ્રમાણ કૃત્રિમ સાધનો વધારવાના શાસ્ત્રીય પ્રયત્ન સતત ચાલુ ન રાખવાથી હિંદ ભૂમિને પોતાના બચ્ચાંને પૂરતું ધાન્ય આપવાને અસમર્થ થવાને હવે લાંબો સમય નથી, પરંતુ આ સુધારણા કરવી આપણા અત્યારના ખેડુતોની શક્તિ બહાર છે.

ગયા એક સૈકામાં આપણા ઉદ્યોગ ધંધા નામશેષ થતા જઇ આપણે કેવળ પારકા તૈયાર માલના ગ્રાહક થયા છીએ. ગયા ૩૦-૪૦ વર્ષમાં પાશ્ચાત્ય પ્રજાએ અહીં શરૂ કરેલા તથા ચલાવેલા ધંધાના ઉદાહરણ પ્રમાણે કેટલાક પાશ્ચાત્ય પદ્ધતિપર નવા નવા ધંધા શરૂ કરવાના પ્રયત્ન શરૂ કર્યા, પરંતુ કેવળ એક કપાસના

ધંધામાં હિંદી લોકોને સારો યશ મળ્યો છે. ચાહ, ખાણુ, કારખાના, ખેતી (પશ્ચિમ હિંદુસ્થાનમાંનો કપાસ બાદ કરતાં) વગેરે સર્વ મહત્વના ધંધા યુરોપિયનોનાજ હાથમાં છે.

આ સિવાય સોનાની કીંમત વધવાથી આપણા જીવનક્રમમાંના આવશ્યક પદાર્થોની કીંમતમાં પણ ઘણો વધારો થઇ તેનું પરિણામ મજુર વર્ગ તથા મધ્યમ વર્ગ એમને ઘણું સારૂં નીવડયું છે. એ સિવાય પાશ્ચાત્યની અતિ ખરચાળ અને ચેનબાજીભરી રહેણી કરણીનું અનુકરણ કરવાની નીતિ તદ્દન કનિષ્ટ વર્ગમાં સુદ્ધાં વધતી જાય છે. પાશ્ચાત્યની આ અતિ ખર્ચની તથા ચેનબાજીભરી રહેણીકરણી સકારણ તથા સયુક્તિકછે. કારણુ બાહ્ય જગતપર પોતાની સત્તા સ્થાપન કરી યાંત્રિક શોધ તથા ઔદ્યોગિક પ્રગતિ એના જોર પર તેમણે અમર્યાદિત દ્રવ્ય સંચય કરેલો

છે. પરંતુ આ સર્વ કારણોનો અહીં અભાવ તથા પ્રતિકુળ સ્થિતિ હોઇ હિંદી લોકોએ તેની રહેણી કરણીનું અનુકરણ કરવાનું પરિણામ ભીખારી થવું સ્વાભાવિક જ છે.

આવા પ્રકારની ઘણીઘણી કાર્યકારણ પરંપરાના સમીકરણથી હિંદુસ્તાનમાં ભયંકર દરિદ્રતા જામી ગઇ છે. આ દરિદ્રતાની વ્યાપકતા તથા તેનું પરિણામ એનું વિસ્તૃત વર્ણન અહીં કરવાની આવશ્યકતા નથી. આ નીચે પ્રોફેસર મુકરજીએ તૈયાર કરેલું એક કોટક આપ્યું છે. તે પરથી જુદા જુદા સ્થળના મધ્યમ વર્ગના લોકો પોતાના આવકમાંથી સેંકડે શા શા પ્રમાણમાં જુદી જુદી બાબતમાં ખર્ચ કરે છે, તે જણાઈ આવશે.

અમેરિકા

(ડૉલર=૩ રૂ. ૨ આ.)

ઊપજ ડૉલર	૨૦૦	૩૦૦-૪૦૦	૫૦૦-૬૦૦	૭૦૦-૮૦૦	૯૦૦થી ૧૦૦૦
અન્ન	૪૯.૫૪	૪૫.૫૯	૪૩.૯૮	૩૮.૬૯	૩૪.૩૪
કપડાંલત્તાં	૧૨.૯૬	૧૪.૧૪	૧૫.૧૩	૧૬.૬૩	૧૬.૮૪
રહેઠાણ	૧૫.૪૮	૧૪.૯૮	૧૫.૧૫	૧૫.૫૦	૧૪.૯૬
બળતણ	૭.૦૭	૬.૦૪	૫.૬૩	૪.૪૨	૪.૦૦
દીવાબત્તી	૧.૦૬	.૯૮	.૯૭	.૯૮	.૭૪
પરચુરણ	૧૩.૫૪	૧૮.૨૭	૧૯.૧૪	૨૩.૮૮	૨૯.૧૨

યુરોપ

અન્ન	૨૮.૩૨	૪૯.૫૮	૫૦.૦૬	૪૮.૦૪	૪૬.૨૪
કપડાંલત્તાં	૧૯.૦૮	૧૪.૧૮	૧૫.૨૧	૧૮.૭૭	૧૪.૧૫
રહેઠાણ	૯.૩૮	૧૧.૯૩	૧૦.૨૬	૯.૪૫	૧૦.૪૯

ભણતર	૫.૩૮	૫.૪૮	૩.૩૨	૩.૮૭	૫.૧૯
દિવાબત્તી	૧.૬૬	૧.૫૯	૧.૩૭	૧.૨૦	૧.૫૩
પરચુરણ	૧૬.૧૮	૧૭.૨૩	૧૯.૭૮	૨૨.૩૭	૨૨.૪૦

હિંદુસ્થાન

	મજુર	ખેડુત	સુથાર	દુકાનદાર	ગરીબ મધ્યમ વર્ગમાંના મનુષ્ય
અન્ન	૯૫-૪	૮૪.૦	૮૪.૫	૭૭.૭	૭૪.૦
કપડાં લત્તા	૪-૦	૩.૦	૧૨.૦	૯.૦	૪.૭
	૯૯-૪	૮૭-૦	૯૬-૫	૮૬-૭	૭૮-૭
ઔષધપાણી	૦-૦	૧.૦	૧.૦	૫.૯	૮.૦
શિક્ષણ	...	...	...	૧.૦	૩.૩
ધર્મ વિધિ વગેરે	૦-૬	૧.૦	૧.૫	૫.૦	૮.૦
ચેનબાજી		૧.૦	૧.૦	૧.૪	૨.૦

આ કોષ્ટક માટે સૂક્ષ્મ વિચાર કરીએ તો આપણી દરિદ્રતાનું ભયંકર સ્વરૂપ આપણા ધ્યાનમાં સ્વાભાવિક રીતે ઉતરશે. હિંદુસ્થાનની સેંકડે ૮૦ ટકા વસ્તી ખેડુત છે. એમના પર મજુરી :કરનાર તથા **કેવળ પરોપજીવી** ભીખારીઓના ભરણપોષણનો આધાર છે. એમના ઉત્પન્ન પૈકી સેંકડે ૭૭ થી ૯૯ ટકા અન્ન તથા વસ્ત્ર એ અતિ જરૂરના પદાર્થમાંજ ખર્ચાતી હોય શિક્ષણ તથા ઔષધપાણીના નામનું શૂન્ય કહીશું તો હરકત નથી. આ સિવાય આ આંકડાઓ હિંદુસ્થાનમાં વિશેષ સમૃદ્ધ તથા સ્થાયી જમાબંધીપદ્ધતિવાળા બંગાળા પ્રાંતના લોકોની સ્થિતિને અનુસરી તૈયાર કરવામાં આવેલા છે. આ સ્થળે એ પણ કહેવું જરૂરનું છે કે હિંદુસ્થાનની પ્રજાની લોર્ડ કર્ઝને કાઢેલી તથા સર્વમાં પ્રમાણિત ગણાયલી દરેક

માણસે સરાસરી આવક ૩૦ રૂપીઆ છે. તથા બચત ૧૪ રૂપીઆ છે. જ્યારે ઇંગ્લંડમાં પ્રત્યેક માણસે ૫૪૭૦ રૂપીઆ તથા જર્મનીની ૩૪૦૦ રૂપીઆ છે. પાશ્ચાત્ય દેશો પૈકી કેટલાએક દેશની પ્રત્યેક માણસે આવક નીચે આપવામાં આવી છે.

દેશ	રૂપીઆ
સ્કોટલંડ	૬૭૫
ઇંગ્લંડ	૬૩૦
ઓસ્ટ્રેલીઆ	૬૦૦
અમેરિકા	૫૮૫
બેલ્જીયમ	૪૨૦
ફ્રાન્સ	૪૦૫
કાનડા	૩૯૦
હિંદુસ્થાન	૩૦
જર્મની	૩૩૦
હોલંડ	૩૩૦

નોર્વે	૩૦૦
સ્વિટ્ઝર્લાંડ	૨૮૫
સ્પેન	૨૪૦
ઓસ્ટ્રિયા	૨૨૫
ઇટાલી	૨૧૦
રૂશિયા	૧૬૫

હિંદુસ્તાનની વસ્તી પૈકી લગભગ ૧૦ કરોડ લોકને અવિશ્રાંત શ્રમ કરવા છતાં પણ એક વખત જ જમવાનું મળે છે. તેમાં અન્નની પોષક શક્તિ સંબંધી તો કશો વિચારજ કરવાનો રહેતો નથી, આવો જીવન માટેનો કલહ તીવ્ર નહિ, અતિ તીવ્ર છે.

આવી સ્થિતિમાં કોઇપણ સમાજમાં ઉચ્ચ કલ્પના તથા ઉદાત્ત નજર એનો વિકાસ થવો શી રીતે શક્ય હોઇ શકે? જેમને પોતાના આયુષ્યની દરેક ક્ષણ પોતાના પેટની કોઠી શી રીતે ભરવી એની ફિકરચિંતામાંજ

વ્યતિત કરવી પડે છે. જેમને હાથ અને મોઢાંનું ઐક્ય કરવું આ એકજ ઉદ્દેશ માટે પોતાનું બધું જોર તથા બધો વખત ગુમાવવો પડે છે, જેને પોતાની વિચાર શક્તિની દરેક સ્ફુર્તિ શલાકા જીવવું કે મરવું એ આખરના પ્રશ્નનો ઉત્તર શોધવામાંજ ખર્ચ કરાય છે તે સમાજમાં કોઇ પણ ઉદાત્ત ભાવના જન્મ પામી શકે ખરી કે? કલ્પનાનો સ્વૈરવિલાસ, બુદ્ધિની સૂક્ષ્મલીલા, ફેશનનો ચંચળવિલાસ એનું રહસ્યો દ્યાદી સંગોપન તેમની પાસેથી શી રીત મેળવી શકીએ?

પ્રિય વાંચકો મેહેરબાની કરી આવા કોટયવધિ ઉપવાસોથી અકાળે જર્જર થએલાં હિંદવાસીઓને વૈરાગ્યનું, અસાર સંસારનું તથા જ્ઞાનનેમાટેજ જ્ઞાન એવી મનોહર કલ્પનાઓનો ઉપદેશ કરશો નહિ. આ હતભાગ્યોને માનવી કર્તવ્ય, રાષ્ટ્રધર્મ, વિશ્વાત્મભાવ એ તથા એવા બીજા

તત્ત્વોનો ઉપદેશ કરશો નહી. કારણ આ પોકળ તથા કલ્પના પ્રચુર તત્ત્વોવડે તેમનો સંતપ્ત જઠરાગ્નિ તૃપ્ત થવો અસંભવિત છે. જો તમારે ઉપદેશ કરવો હોય તો નાગરિક તથા રાષ્ટ્રમાંના એક ઘટક એ સંબંધથી તેમને કયા હક્ક હોવા જોઇએ તેનો ઉપદેશ કરો. આવા હકની કીંમત તથા આવશ્યકતા અને તે મેળવવાના માર્ગ તેમને સમજાવી દો. તેમનો જીવન ક્રમ સુખી તથા સહ્ય શી રીતે થાય, તેનો ઉપદેશ કરો. તમને એમ લાગતું હશે કે તેની સાથે અમારે શું કામ છે? ઇશ્વરે અમને પેટભર રોટલો આપ્યો છે. પણ આ તમારી સમજ અત્યંત અદૂરદર્શી તથા આત્મ ઘાતક છે. આ પ્રચંડ પરંતુ અજ્ઞ, નિષ્ક્રિય તથા નિઃસત્વ સમાજના ભારથી તમારી પ્રગતિ પાછી ખેંચાઇ જાય છે. તથા સવ મહત્વાકાંક્ષા જ્યાંને ત્યાં સમાઇ જાય છે. આજ નહિ તો

કાસે, તમારે તેને સુશિક્ષિત તથા સબળ કરી રાષ્ટ્ર મંદિરમાંના તેને તેના યોગ્ય સ્થાને લઇ જઇ બેસાડવું જરૂરનું છે. એમનું એ બૂમ-રાણ તમારા કાન પર્યંત પહોંચ્યું છે. પણ તેનું કારણ તમારી સહાનુભૂતિ પર લક્ષ્ય ન હોઇ તમે પણ હળવે હળવે તે સ્થિતિ તરફ આકર્ષાતા જાઓ છો એજ છે. આ વધતી જતી દરિદ્રતાના વિશ્વવ્યાપક પ્રશ્નને યોગ્ય વિચાર થવોજ જોઇએ. જો આ પ્રશ્ન આપોઆપજ છુટશે એવું તમને લાગતું હોય તો તમારી એ સમજ ભૂલ ભરેલી તથા આત્મઘાતક છે. આ ત્રિકાલાબાધિત ઐતિહાસિક તથા અપવાદ રહિત સિદ્ધાંતછે. આ જીવન માટેના કલહમાં અસમર્થ થવાથી આજ પર્યંતમાં કેટલીએ જાતો જગતના પૃષ્ટ પરથી નષ્ટ થયલી હોઇ આજ પણ કેટલીએક તે પ્રમાણે તેજ રસ્તે વળેલી છે.

હિંદી લોકની કર્તૃત્વ શક્તિ વધવી જોઇએ.

અલ્પ સંતુષ્ટતા, ધીમાપણું, વિરક્તિ આ તત્વો નું વિપર્યસ્તરૂપ આ કામને નિરર્થક તથા હાનિકારક છે. હિંદુસ્થાન એ ઉત્કૃષ્ટ કાચું વ્યાપારી દ્રવ્ય ઉત્પન્ન કરનારો દેશ છે. લાખ એ વસ્તુ કેવળ હિંદુસ્થાનમાંજ ઘણા મોટા પ્રમાણમાં ઉત્પન્ન થાય છે—થવા સરખી છે. લેંકેશાયર પ્રમાણે જગતમાંના ઘણા ભાગને જોઇતા કાપડનો કપાસ પેદા કરવાનુંજ હિંદુસ્થાનનુંજ સામર્થ્ય છે. ધાન્ય તથા બીજા અન્નના પદાર્થોની નીપજ હાલના કરતાં ઘણાં મોટા પ્રમાણમાં થવા જેવી છે. કોલસા તેલ, સુવર્ણ, અભ્રક, આ ખનીજ પદાર્થોનો ધંધો અંગ્રેજી ભંડોળ પર સાધારણ પ્રમાણ પર ચાલે છે. ખનીજ તેલનો ધંધો વધારવાને અત્યારે પુષ્કળ અવકાશ છે. સુવર્ણ સંશોધનનો ધંધો ઘણાજ મહત્વનો તથા અત્યારે વધારવા સરખો છે. લાલ આભ્રકનો ઇજારો તો કેવળ

હિંદુસ્થાન પાસેજ છે, એમ કહેવાને કશી હરકત નથી. વળી તે ઉત્તમ પ્રકારની હોઇ ચોકખી પણ છે. લોખંડ, તાંબુ, ગ્રેફાઇટ, કલાઇ એનો પણ ભૂગર્ભસ્થ સંચય ઘણોજ છે.

આ વાત સાથે ઉપર કહ્યા પ્રમાણે એટલું ધ્યાનમાં રાખવું જરૂરનું છે કે હિંદુસ્થાનના આ જીવન કલહનો સંબંધ કોઇ પણ એક વર્ણ સાથે કિંવા દેશ સાથે ન હોઇ તેનું સ્વરૂપ વિશ્વ વ્યાપી છે. કોઇ પણ દેશનો યોગ્ય દરજ્જો નક્કી કરવાને વ્યાપાર તથા ઉદ્યોગ ધંધા એ અતિ મહત્ત્વની બાબત છે. જાહેર યુદ્ધ કરતાં પણ આ વ્યાપારી કલહ તીવ્રતર તથા બલવાન છે.

હિંદુસ્થાનનો ૧૯૧૩—૧૪ની સાલનો એકંદર આયાતનિકાશ વ્યાપાર ૪૪૦ કરોડ ૩૫ લાખ રૂપીઆ હતો, જે ૧૯૦૪-૦૫ની સાલ કરતાં ૧૮૦ કરોડ વધેલો હતો. તો પણ

તેનું દર માણસે પ્રમાણ ૧૩ રૂ. ૩ આ આવતું હતું. એ સંબંધી કેટલાએક આંકડા નીચે પ્રમાણે છે.

	રૂા.		
ગ્રેટબ્રિટન	૩૮૬	જાપાન	૩૯
ફ્રાન્સ	૨૩૨	રશિયા	૨૪
જર્મની	૨૩૦	હિંદુસ્થાન	૧૩

એટલે વ્યાપાર તથા ઉદ્યોગધંધા એજ પ્રસ્તુત સમયમાં જગતના જીવનાધાર ઠર્યા છે. ત્યારે હિંદુસ્થાન આ વ્યાપાર તથા ઉદ્યોગ ધંધામાં અત્યંત પાછળ છે. આવી સ્થિતિમાં હિંદુસ્થાને પોતાની ઔદ્યોગિક ઉન્નતિ કરવા માટે પોતાની શિકસ્તનો પ્રયત્ન કરવો કે નહિ ? આ પ્રશ્નના ઉત્તર પરજ હિંદુસ્થાનનું ભવિષ્ય અવલંબે છે. આ પ્રશ્નનો વિચાર કરનારને હિંદુસ્થાનમાંથી દર સાલ કેટલો કાચો માલ બહાર જાય છે, એ જોવું જરૂરનું છે.

નિકાશ.	૧૯૦૪-૦૫			૧૯૦૮
ધાન્ય	૨૦.૨	લાખ	ટન	૧૫.૦
કપાસ	૬.૮	,,	,,	૬.૮
લાખ	૧૬.૦	,,	,,	૧૭.૮

કોલસા, મીઠું, પેટ્રોલીઅમ તથા ગંધક એ બાદ કરતાં બીજાં ખનિજ કાચા દ્રવ્યની નિકાસ સવા કરોડની છે.

યંત્ર સામગ્રી, ઘડીઆળનો લોખંડી સામાન, બીજો લોખંડી સામાન, એકંદર ધાતુના પદાર્થ એની આયાત નીચે પ્રમાણે અનુક્રમે હતી

૧૯૦૬	૧૯૦૭	૧૯૦૮
૨૯૫	૩૬૪	૩૨૩
૯૮૮	૧૨૪૯	૧૨૨૩
૧૨૯	૧૫૦	૧૩૩
૧૮૯૫	૨૨૯૮	૨૨૪૬

(આ આંકડાઓ લાખ રૂપીઆના છે.)

આજ કાચા પદાર્થનું તૈયાર માલમાં રૂપાંતર

થતાંજ તેની કીંમત દશ ગણી વધી જાય છે. તથા તે બદલની મજુરી આપણે આપવી પડે છે. તે સિવાય દલાલીની પ્રચંડ આવક પણ સાથેજ જાય છે, આ કાચા માલનો પાકો માલ તૈયાર થવાને અનેક કલ્પનાતીત અડચણો છે. આપણે હોશિયાર કારીગર વર્ગ નિર્માણ કરવો જોઇએ, ભિન્ન ભિન્ન ધંધાની ગુહ્ય બાબતોને આત્મવત્ કરવી જોઇએ, પ્રચંડ ભંડોળ ભેગો કરવો જોઇએ, ઘણા જુના તથા ધનાઢ્ય કારખાનાઓ સાથે ટક્કર ઝીલવી જોઇએ, આ અડચણો જેટલી અનુલ્લંઘ્ય જણાયછે તેટલુંજ તેનું ઉલ્લંઘન કરવાની અતિ આવશ્યકતાછે,

આપણને આ અડચણોમાંથી પાર પડવાને ગુરૂ જોઇએ છે. આ શિક્ષણ શી રીતે મેળવવું એ પ્રશ્ન છે, જાપાને આ શિક્ષણથીજ ૫૦ વર્ષમાં પોતાની પ્રગતિ કરી લીધી છે, જાપાને સેંકડો બુદ્ધિવાન્ વિદ્યાર્થીઓને વ્યાપારી શિક્ષણને માટે

પરદેશ મોકલ્યા. જે વ્યાપારી સંસ્થામાં વિદ્યાર્થીઓ શિક્ષણ માટે દાખલ થતા હતા, તે સંસ્થા સાથે જાપાન સરકાર એક પ્રકારનો કરાર કરતી હતી, તે કરાર એવો થતો કે સરકાર ઠરાવેલી રકમ નિયમિત આપતી જાય, અને તેના બદલામાં સંસ્થાએ વિદ્યાર્થીઓને પોતાના ધંધાનું સાંગોપાંગ ગ્નાન આપવું, અને કંપનીએ પોતાના તે તે વિષયના વિદ્વાનોની દેખરેખ નીચે જાપાનમાં એક કારખાનું શરૂ કરવું. તથા તેમણે દેશમા તે ધંધાથી વાકેફગાર કારીગર નિર્માણ થાય ત્યાં સુધી ચાલુ રાખવું. કેટલાક સંજોગોમાં સરકારેજ પરદેશી હોશિયાર કારીગરોની સહાયતાથી નવા કારખાના કાઢી તેમાં એતદ્દેશીય લોકને સર્વાંગ પૂર્ણ પ્રત્યક્ષ શિક્ષણ આપવાની સગવડ કરી હતી, એ કારણોથીજ જાપાની લોક આજ કોઇ પણ દેશ સાથે વ્યાપારી હિસાબમાં હરીફાઇ કરવા જેવા થયા છે.

એકાદ કોઇ યુરોપિયન કંપનીમાં આસિસ્ટંટ કિંવા ઉમેદવાર થઇ કામ કરી કોઇ ધંધામાં પ્રાવિણ્ય પ્રાપ્ત થાય છે, એ કલ્પનાજ ભૂલ ભરેલી છે. આવા પ્રકારની સંધિ થવીજ અત્યારે ઘણી કઠણ છે. વળી તે સિવાય એકજ વ્યાપારી ધંધાના અંગ તથા ઉપાંગ એટલાં બધાં વિસ્તૃત છે કે તે સર્વમાં એક અથવા મુઠીભાર લોકો પાસે પ્રવિણતા મેળવવી અશક્ય છે, તે સિવાય પ્રત્યેક ધંધામાંના કેટલાંક અતિ મહત્વના રહસ્યો ક્યારે પણ બહાર ન ફુટવા દેવાની સખત તથા અભેદ્ય તજવીજ કરેલી હોય છે.

આ સર્વે અડચણથી ભરેલો ઉપાય સ્વાવ-લંબન છે, પોતાના ઉદ્દેશના પરિપૂર્ણાર્થ પહેલાં ભરપૂર દ્રવ્ય, ઉત્સાહ તથા વખત એનો વ્યય થવો જોઇએ. પ્રારંભ તદન નાના પાયા પર કરી તેમાં મળતા યશ તથા અનુભવ પ્રમાણે પોતાના

કાર્યક્ષેત્રની વૃદ્ધિ કરવી જોઇએ. નાના પ્રમાણ પર ધંધા ચલાવવાથી મોટાં કારખાનામાં થતા કરકસર તથા બીજા અંતર્ગત બહિર્ગત ફાયદાઓને છોડી દેવા પડે છે એ વાત ખરી, પણ એનો કશો ઇલાજ નથી.

આ ઉદ્યોગ ધંધામાં યશ મેળવવાને તથા ઉપરની સર્વ અડચણો દૂર થવાને Research Institutes સંશોધક સંસ્થાની તથા રાસાયનિક-પ્રયોગ શાળાની ઘણી જરૂરિયાત છે. આવા પ્રકારની પ્રયોગ શાળામાં કેવળ નવી નવી શોધ કરવાના પ્રયોગજ કરાવવાના ન હોય જે શોધ સારો પ્રચાર પામી શકે તથા જેની સ્થૂળ કલ્પનાજ સર્વ પ્રસિદ્ધ છે, પરંતુ જેનો વ્યાપાર ધંધામાં પ્રત્યક્ષ ઉપયોગ અજ્ઞાત રહેલો હોય, એવી કેટલીએક શોધ સંબંધેજ તેમાં પ્રયોગ થવાની જરૂર છે. આમાં ઘણીએ વાર નિરાશ થવું પડે. પણ એવી શોધનો છેવટે આપણને પત્તો લાગી શકશે, કદાચિત્ જુનાથી વધારે સુલભ તથા ઓછા ખર્ચની પદ્ધતિ ઉપલબ્ધ થશે અથવા

એકાદ નવીજ શોધ હાથ લાગશે. આ સિવાય યુરોપસ્થ શાસ્ત્રજ્ઞોએ જે જે વિષય સંબંધી સૂક્ષ્મ વિચાર કરેલો નથી, એવા પણ કેટલાક ધંધા આપણી પાસે છે. શાસ્ત્રીય જ્ઞાનના જોર પર જેના કારખાના ઉભા કરી શકાય પરંતુ અદ્યાપ જે અજ્ઞાત છે એવાં પણ કેટલાક ધંધા છે. આ સિવાય વિશેષ મહત્વની વાત કહેતાં તદન શાસ્ત્ર શુદ્ધ માર્ગે પ્રયત્ન કરી કેટલાક વ્યાપારી મહત્વની સ્વતંત્ર શોધ પણ હાથ લાગશે.

પરંતુ જેમાં એવા સ્વતંત્ર તથા વરિષ્ઠ દરજ્જાનું સંશોધન કાર્ય કરવામાં આવે એવી પ્રયોગશાળા આખા હિંદુસ્થાનમાં કેટલી છે? આ ઔદ્યોગિક સંશોધન કાર્યમાં સમસ્ત જગતને મોખરે બેઠેલા જર્મનામાં ત્રણ મુખ્ય રાસાયનિક કારખાનાની પ્રયોગશાળામાં ૭૦૦ ઉત્કૃષ્ટ રસાયનશાસ્ત્રજ્ઞ આ સંશોધન કાર્યમાં ગૂંથાએલા છે, તથા બે લાખ કરતાં વધારે માણસ ત્યાં કામ કરે છે.

પરંતુ અત્રેની કરતાં કેટલાં ગણાં મોટાં હિંદુસ્તાનમાં નામ લેવા જેવી ૨-૪ પણ પ્રયોગશાળા નથી એવું કહીએ, તો તેમાં અતિશયોક્તિ કહેવાશે નહિ. હિંદુસ્તાનનાં મોટા પ્રમાણપર આવો પ્રબંધ દવાખાના વૈદ્ય-શાળા અંગ્રેજોમાં સ્થાપન થએલી રીતને નિયમબદ્ધ એક સંસ્થા છે, પરંતુ તેનું કાંઈ સંતોષકારક નથી. વસ્ત્ર ગીરો ચાલુ છે. હિંદી ઉદ્યોગ ધંધાને તેનાથી મદદની અગત્ય ધંધાને ઘણી ઘણી અગત્યતા છે.



Printed by
Moolchand Kisandas Kapadi
Jain Vijaya Printing Pr
Laxminarayan's We
Khapatia Chakla—SU...

Published by
Chhotubhai Dajibhai Desai
Ambaji road-SURAT.